## થાય સરખામણી તો ગાંધીનગર સ્નાનઘર બાબતે ઉતરતું!

સેન્સસ-૨૦૧૧ના આંકડા દર્શાવે છે કે ગાંધીનગરમાં ૬૦ ટકા પરિવારો પાસે છત અને દિવાલો સાથેના સ્નાનઘર (બાથરૂમ)ની સુવિધા છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના ગ્રામીણ અને શહેરી પરિવારની પાસે ટકાવારીની દ્રષ્ટિએ ૪% સ્નાનઘર વધુ છે જોકે એની સાથે આપણે જેમની પાસે આવી સ્નાનઘરની સુવિધા નથી એના આંકડા જોઈએ તો ૩૩ ટકા પરિવારો એવા છે કે જેમની પાસે સ્નાન ઘરની સુવિધા જ નથી જ્યારે સાત ટકા પરિવારો એવા છે કે જેમની પાસે સુવિધામાં સ્નાનઘર તો છે પરંતુ એ છત વગરના છે.

ગાંધીનગર શહેર અને ગ્રામીણ બંને ક્ષેત્રના સંયુક્ત આકડા આપણે ઉપર મુજબ જોયા તેને આપણે શહેરી અને ગ્રામીણ ક્ષેત્રની રીતે તપાસીએ તો સ્નાનઘર સુવિધા બાબતે ગ્રામીણ ક્ષેત્ર કરતાં શહેરી વિસ્તારની ટકાવારી ગાંધીનગરમાં ઘણી મોટી છે. ૮૦%

**ગણતરીમાં ગાંધીનગર**
પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની

**જાહેર શૌચાલય સાથે જાહેર સ્નાનઘરનો અભિગમ નગર વિકાસમાં જોડવો આવકાર્ય**

પરિવારોના ઘરમાં છત સુવિધા સાથેના સ્નાનઘર છે. પરંતુ આ શહેરને એક પાટનગર છે એ રીતે જોઈએ તો ગુજરાતના અન્ય મહાનગરોના પ્રમાણમાં ગાંધીનગરના શહેરી વિસ્તારમાં વસતાં પરિવારોના ઘરમાં સ્નાનઘરની દ્રષ્ટિએ આ ટકાવારી બહુ થોડા પ્રમાણમાં પણ ઓછી જરૂર છે. ગુજરાતના અન્ય સેંસસ શહેરી વિસ્તારની આ દિશામાં આંકડાકીય સ્થિતિ જોઈએ તો અમદાવાદમાં ૯૦ ટકા પરિવારો, જૂનાગઢમાં ૮૨ ટકા, ભાવનગરમાં ૮૧ ટકા, રાજકોટમાં ૮૫ ટકા અને સુરતમાં ૮૪ ટકા શહેરી પરિવારો પાસે સ્નાનગૃહની સુવિધા છે. આમ પણ ગુજરાતના કુલ શહેરી વિસ્તારના સ્નાનગૃહ અંગેના આંકડા જોઈએ તો પણ ગાંધીનગરની ટકાવારી પાંચ ટકા જેટલી ઓછી છે.

ગાંધીનગરની આ સ્થિતિ પાછળના થોડા કારણો તપાસવા જેવા છે, જેમ કે ગાંધીનગર શહેરના દરેક ઝીરો સર્કલથી શરૂ કરીને આપણે જે રોડ પર આગળ વધીએ પછી એ સરગાસણ ચોકડી (ખ-ઝીરો)થી મહાત્મા મંદિર તરફ કે ગ-ઝીરોથી આર..ઓ.ટીઓફીસથી આગળ જતા હો કે ઘ-ઝીરો થી પેથાપુર ચોકડી તરફ આગળ વધો આ વિસ્તારના રોડની આજુબાજુમાં પશુપાલકો, બાંધકામ ક્ષેત્રે મજૂરી કરવા આવેલા સ્થળાંતરીત મજૂરો રહે છે. મહાત્મા મંદિર પાસે તો ગીચ સેવાવસ્તી ઘણા વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે. એવી જ રીતે સેક્ટર ૨૮ જીઆઇડીસીની આસપાસનો ચરેડી વિસ્તારની સેવા વસ્તી ગાંધીનગર સાથે દાયકાઓથી જોડાયેલી છે. જ્યાં એક સમયના સ્થળાંતરીત મજૂરો હવે ત્રીજી પેઢી કે ચોથી પેઢી સાથે સ્થાયી થયા છે. થોડા વર્ષો દરમિયાન મોટા પ્રમાણમાં પશુપાલકોની વસ્તી સ્થપાઈ છે તે વિસ્તારમાં જાહેર શૌચાલય કે જાહેર સ્નાનઘર નથી. જ્યારે મહાત્મા મંદિર અને ચરેડી પાસેની સેવા વસ્તીમાં જાહેર શૌચાલયની સુવિધા સરકારશ્રી દ્વારા કરવામાં આવી છે પરંતુ તેની સામે જાહેર

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ગરમીનો પ્રકોપ યથાવત

**હીટવેવનુ મોજુ યથાવત : તાપમાન ૪૩.૬ ડીગ્રી : રજાના દિવસે શહેરમાં સુનકાર : શહેરીજનો આકરી ગરમીમાં શેકાયા**



ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં કાળઝાળ ગરમીનુ મોજુ યથાવત છે. આકરી ગરમીએ સૌ કોઈને બેચેન કરી દીધા છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો સતત ૪૦ ડિગ્રીને પાર રહેતા શહેરીજનો આકરી ગરમીમાં શેકાય રહ્યા છે. આજે પણ મહત્તમ તાપમાન ૦.૨ ડીગ્રી વધીને ૪૩.૬ પહોંચી ગયુ હતુ. રજાના દિવસે ગરમીનો પારો પણ ઉંચે રહેતા દિવસ દરમિયાન શહેરમાં સુનકાર જોવા મળ્યો હતો. સતત હીટવેવના લીધે મોડી સાંજ બાદ જ શહેરમાં ધમધમાટ જોવા મળે છે.

સમગ્ર રાજયમાં ગરમીએ ઉગ્ર મિજાજ દાખવતા આકરો તાપ નાગરિકો માટે અસહ્યા બન્યો છે. ગરમીનો પારો ૪૪ ડીગ્રીને વટાવી જતા ગાંધીનગર સિવાયના જુદા જુદા શહેરમાં પણ હીટવેવના લીધે જનજીવન સુન્ન પડી ગયુ છે. જયારે સતત વધતી ગરમીના લીધે નાગરિકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. આકરી ગરમીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. એ સી અને એરકુલરનુ બજાર પણ ગરમ છે.આકરી ગરમીના લીધે લું લાગવા સહીત જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. શહેરમાં પણ રજાના દિવસોમાં ગરમીનો પારો હીટ રહેતા અનોખો સન્નાટો જોવા મળી રહ્યો છે. ગરમીથી બચવા માટે શહેરીજનો વહેલી સવારે તેમજ ઢળતી સાંજ બાદ પોતાના કામ નિપટાવવાનુ પસંદ કરે છે. દિવસની આકરી ગરમીમાં જવાનુ ટાળી રહ્યા છે. જયારે ઓફિસ અવર્સ દરમિયાન પણ કામ સિવાય ઘર કે ઓફિસની બહાર નિકળતા નથી. દિવસના સમયે શોપિંગ બજારમાં પણ સુનકાર પ્રવર્તેલો જોવા મળી રહ્યો છે. આકરી ગરમીએ જનજીવનને ગિરફતમાં લીધુ છે. શહેરમાં ઠેર ઠેર ઠંડા પાણીની પરબ પણ વટેમાર્ગુઓને ઠંડા કરવાનુ કામ કરી રહી છે. જયારે અસહ્ય ગરમીમાં આઈસ્ક્રીમ , શેરડીનો રસ બરફના ગોળાની લારી હાઉસફુલ જોવા મળી રહી છે. રાત્રિના દરમિયાન દિવસની આકરી ગરમીથી ત્રસ્ત શહેરીજનો લટાર મારવા નિકળી પડે છે. ત્યારે ગરમીનો પારો હજુ પણ ઉપર રહે તેવી સંભાવના વચ્ચે શહેરીજનોએ આકરી ગરમી વેઠવા તૈયાર રહેવુ પડશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## આર ટી ઈ અન્વયે શહેરમાં ૬૯૮ ને પ્રવેશ અપાશે ૧૦૭૫ ફોર્મ ભરાયા

**શહેરી વિસ્તારની ૪૪ શાળાઓને અનુલક્ષી પ્રવેશ પ્રક્રીયા હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૮

આર ટી ઈ યોજના અન્વયે શહેરી વિસ્તારની ૪૪ શાળાઓમાં ધો -૧ માં પ્રવેશ અન્વયે કુલ ૧૦૭૫ ફોર્મ ભરાયા છે. રાઈટ ટુ એજયુકેશન અન્વયે કોર્પોરેશન વિસ્તારમાં ૬૯૮ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. રાઈટ ટુ એજયુકેશન અન્વયે આગામી જુન મહીનામાં પાંચ વર્ષ પુરા થતા હોય તેવા બાળકોને પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરાશે. આ યોજના અન્વયે ધો ૧ થી ૮ માં વિના મુલ્યે વિદ્યાર્થીઓને શિક્ષણ સહીતની આનુસંગિક સુવિધાઓ પણ પુરી પાડવામાં આવે છે.

ગાંધીનગરમાં રાઈટ ટુ એજયુકેશન યોજના અન્વયે છેલ્લા ચાર વર્ષથી નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. જયારે આ યોજના અન્વયે લાભાર્થીઓની સંખ્યાને અનુલક્ષીને અગાઉ વધારાના પ્રવેશ આપવા માટે પણ શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે આ વર્ષે પણ રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે પ્રવેશ આપવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જયારે આ અન્વયે ફોર્મ સ્વીકારવા માટે શહેરી વિસ્તારમાં ચાર જેટલા સેન્ટરો પણ કાર્યરત કરાયા હતા. રાઈટ ટુ એજયુકેશન અન્વયે અનાથ, જરૂરિયાતવાળા, બાલગૃહના, મંદબુધ્ધિના વિકલાંગ,એચ આઈ વી અસરગ્રસ્ત શહીદ થયેલા જવાનોના બાળકો , ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરીના બી પી એલ કુંટુબના બાળકો આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં જે કુંટુબોની આવક ૧.૨૦ લાખ તેમજ શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા અનુસુચિત જાતિ તથા જનજાતિ કેટેગરીના બાળકો માટે અગ્રતા અનુસાર વાલીઓએ પસંદ કરેલી શાળાઓને ધ્યાને લઈ અગ્રતા મુજબ પ્રવેશ અપાશે. રાઈટ ટુ એજયુકેશન અન્વયે અત્યાર સુધીમાં ફોર્મ ભરવાની પ્રક્રીયા અન્વયે શહેરી વિસ્તારની ૪૪ શાળાઓમાં ૨૫ ટકા મુજબ ૬૯૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જયારે આ અન્વયે ફોર્મ ભરવાની પ્રક્રીયા પુર્ણ થતા નિયત સમયના અંતે ૧૦૭૫ જેટલા ફોર્મ ભરાયા છે. આગામી દિવસોમાં પ્રવેશ પ્રક્રીયા આખરી કરાશે.

## ગાંધીનગર મનપાને એડવાન્સ ટેક્સ પેટે ૩ કરોડની આવક

**મહિલા મિલ્કત ધારકોને દસ્તાવેજો અને અન્ય પુરાવા રજુ કરવાના તંત્રના નિર્ણય સામે લોકોમાં ગણગણાટ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ ટેક્સમાં રિબેટ આપવાની જાહેરાત પછી આજ સુધીમાં રૂ. ૩ કરોડથી પણ વધુની આવક મનપાને એડવાન્સ ટેક્સ પેટે થઈ છે. મનપાએ એડવાન્સ ટેક્સની વળતર યોજનામાં મહિલા મિલ્કતધારકોને વધારાના ૫ ટકા તેમજ ડીજીટલ પેમેન્ટમાં ૨ ટકા અને એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ ટકા રિબેટની ત્રિપલ બોનાન્ઝા સ્કીમ બનાવી હોવાથી તેને સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

મનપા દ્વારા ગત વર્ષે પણ ૧૦ કરોડથી વધુ આવક એડવાન્સ ટેક્સ પેટે થઈ હતી. આ વખતે તે ૧૫ કરોડથી વધુની આવકના અંદાજો રાખી રહેલ છે. જોકે હજુ આ ત્રિપલ બોનાન્ઝા યોજના ૩૧મે સુધી ચાલવાની છે.

વચ્ચે ચૂંટણીનો માહોલ આવી જતાં એડવાન્સ ટેક્સની કામગીરી ધીમી પડી હોવાનું મનાઈ રહ્યુ છે. એડવાન્સ ટેક્સ ભરવા માટે રજાનો માહોલ પણ વિઘ્નરૂપ બન્યો હોવાનું મનાઈ રહ્યું છે.

ગાંધીનગર મનપાએ મહિલા મિલ્કતધઆરકો માટે જે પુરાવા રજુ કરવાના નિયમો બનાવ્યા હોવાથી લોકોમાં ગણગણાટ ઉભો થયો છે. જે કંઈ મિલ્કતધારકોની યાદી છે તેમાં મહિલાના નામો સ્પષ્ટ દર્શાવેલા છે પછી દસ્તાવેજો અને ઈન્ડેક્સ નંબર રજુ કરવા સહિતની વાતોને લઈ પ્રજામાં ગણગણાટ ચાલી રહ્યો છે. મિલ્કતધારકોના નામ હમણાં સુધર્યા નથી બીજુ પાંચ વર્ષથી તમે જે ટેક્સ વસુલો છો તો તમારી પાસે રેકર્ડ છે તો પ્રજાને શું કામ પરેશાન કરવામાં આવી રહી છે તેવી વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે.

ગાંધીનગર મનપામાં એડવાન્સ ટેક્સ ભરવા ઈચ્છુકો પણ દસ્તાવેજો રજુ કરવાની વાતને લઈ નારાજગી અનુભવી રહ્યા છે.

## જિલ્લામાં આચાર સંહિતાના અમલમાં વિકાસકામો અટવાતા લોકોમાં નારાજગી

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લામાં ચૂંટણીની આચાર સંહિતાના અમલને પગલે વિકાસકામો અટવાઈ જતાં લોકોમાં અને રાજકીય કાર્યકરોમાં ગણગણાટ શરૂ થયો છે.

ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ ગઈ છે અને હજુ એક મહિના સુધી મતગણતરી થવાની નથી આ સંજોગોમાં વિકાસના કામો જેને મંજૂરી અપાઈ ગઈ હોય તેવા શરૂ કરવાની છુટછાટ આપવી જોઈએ તેમ માંગ લોકોમાં ઉઠી છે.

લોકોમાં થતી ચર્ચા મુજબ પેયજળની સમસ્યાના જે કામો હશે તેને આચારસંહિતા નડશે નહિ તેવી સરકારની જાહેરાત પછી પણ જિલ્લામાં પાણી પુરવઠાના કામો અટવાઈ પડ્યા છે. જિલ્લામાં એક તરફ આકરો ઉનાળો છે અને ચોમાસુ નિષ્ફળ ગયેલુ છે પણ તંત્ર આ કામોને પણ મંજૂરી આપતુ નથી કે તે અંગેના ટેન્ડરોની પ્રક્રિયા પણ ન કરતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

માર્ગ અને ગટર વ્યવસ્થાના કામો તેમજ વીજળીકરણના કામોમાં પણ મંજૂરી અપાઈ ગઈ છે પણ તકનીકી મંજૂરીમાં કાગળો અટવાઈ જતાં ઘણા બધા કામો અટવાઈ જવા પામ્યા છે.

જિલ્લા આયોજન મંડળે પણ જે કામોને પ્રાથમિક મંજૂરી આપી દીધી છે તે પણ અટવાઈ જવા પામ્યા છે. બીજી તરફ જુનમાં ચોમાસુ શરૂ થતુ હોવાથી વિકાસકામો ચોમાસા પૂર્વે બંધ કરાશે. આમ આ વખતે આચાર સંહિતા એ વિકાસ કામોમાં વિલનનો રોલ ભજવી રહી હોવાની લાગણી ઉભી થવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર



પ્રેરણા - આવો સૌ સાથે મળી પક્ષીઓની તરસ છીપાવીએ...

## શહેર-જિલ્લામાં છાશના વેચાણમાં ધરખમ વધારો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ગરમીના પ્રકોપ વચ્ચે મધુર ડેરી દ્વારા થતા છાશના વેચાણમાં છેલ્લા એક સપ્તાહથી ભારે ઉછાળો આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મધુર ડેરી દ્વારા વેચાતી છાશનો આંક રોજની ૧ લાખ લીટર સુધી પોહંચી જવા પામેલ છે. ગરમીનો પ્રકોપ વધતાં આ વખતે ઠંડા પીણાને બદલે લોકો છાશનું સેવન વધારે કરી રહ્યા છે.

બજારમાં અમુલ દ્વારા જે મસાલા છાશનું પેકિંગ રૂ. ૫માં આપવામાં આવી રહ્યુ છે તેની ડિમાન્ડ પણ સારી એવી બજારમાં જોવા મળી રહી છે. આ ઉપરાંત ગરમીના દિવસોમાં મહેમાનોના આગમન વખતે પણ છાશથી સ્વાગત કરવાનો ક્રેઝ ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે ગત વર્ષની તુલનામાં મધુરની છાશની માંગમાં પણ જે વધારો થયો છે તે નોંધનીય છે.

## પેપર ચેકિંગ મામલે ૩૫૦૦ શિક્ષકોને નોટિસ ફટકારાશે

**બોર્ડ દ્વારા ઓર્ડર થવા છતાં શિક્ષકો ન પહોંચ્યા : નજીવી ભૂલ માટે બોર્ડ દંડ કરતું હોવાથી શિક્ષકો ચેકિંગમાં ન આવતાં હોવાની ફરિયાદો : યોગ્ય ખુલાસો કરવો પડશે**

ગાંધીનગર, તા. ૨૮

ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાના પેપર ચેક કરવા ખાનગી સ્કૂલોના ૩૫૦૦ શિક્ષકને ઓર્ડર હોવા છતાં તેઓ પેપર ચેક કરવા ન આવતાં બોર્ડ દ્વારા આખરે ગંભીર નોંધ લેવાઈ છે અને હવે આ કસૂરવાર એવા ૩૫૦૦ જેટલા શિક્ષકોને નોટિસ ફટકારવાની તજવીજ બોર્ડ દ્વારા હાથ ધરાઈ છે. બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહમાં અંદાજે ૧૫૦૦ અને સામાન્ય પ્રવાહના બે હજાર શિક્ષકોને સોમવારે નોટિસ ઈશ્યૂ કરાય તેવી શકયતા છે. શિક્ષકો નોટિસનો યોગ્ય ખુલાસો નહીં કરે તો શિક્ષક અને સ્કૂલને દંડ થઈ શકે તેવી પણ પ્રબળ સંભાવના છે. બોર્ડે આ સમગ્ર મામલે આકરૂં વલણ અપનાવ્યું છે. દર વર્ષે બોર્ડના પેપર ચેક કરવામાં ખાનગી સ્કૂલોના શિક્ષકો ગેરહાજર રહે છે. પરંતુ આ વર્ષે બોર્ડ શિક્ષકો પર કડક કાર્યવાહી કરવાનું વલણ અપનાવ્યું છે. વારંવાર સ્કૂલોએ પેપર ચેક કરવા પોતાના શિક્ષકોને મોકલવા કહેવાયું હોવા છતાં પણ આ વર્ષે અંદાજે ૩૫૦૦ શિક્ષક ગેરહાજર રહ્યા હતા. બીજીબાજુ, સરકારી શિક્ષકોનું માનવું છે કે, પેપર ચેક કરવામાં થોડી પણ ભૂલ થાય તો બોર્ડ દંડ કરે છે. ખાનગી સ્કૂલોના શિક્ષકો પેપર ચેક કરવા ન આવતા સરકારી શિક્ષકો પર કામનું ભારણ વધી જાય છે. કામના ભારણને

● અનુસંધાન પાન-૭ પર

## અશ્રુભીની શ્રદ્ધાંજલિ



સ્વ. નરસિંહભાઈ એચ. ગોગારી    સ્વ. નર્મદાબેન નરસિંહભાઈ ગોગારી

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

આપના

જીઆઈડીસી એન્જિનીયરીંગ એસોસીએશન, સે.૨૮
હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ
તથા
સમગ્ર ઉદ્યોગકારશ્રીઓ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com